



ના.




# જાણો.

નિયમો જાણો. **£120** ના દંડથી બચો.

# તમારે શું જાણવાની જરૂર છે

**ટ્રાન્સપોર્ટ ફોર લંડન (ટીએફએલ) અને લંડનની 33 બરોઝ, લંડનના વાહનવ્યવહારને સરળતાથી ચાલતો રાખવા માટે કટીબદ્ધ છે. ડ્રાઈવરોને રોડ પરના નિયમોની જાણ હોય અને તેઓ તે નિયમોનું પાલન કરતાં હોય તેની ખાતરી કરીને, આપણે લંડનમાં ડ્રાઈવિંગ કરવાનું ઓછું તણાવભર્યું અને દરેક જણ માટે વધારે સલામત બનાવી શકીએ છીએ.**

લંડનના રેડ રૂટ નેટવર્ક માટે ટીએફએલ જવાબદાર છે; લંડનની 33 બરો પોતપોતાની દરેક બરોમાં આવેલા બાકી બીજા બધા રસ્તાઓ માટે જવાબદાર છે, જેને અહીં 'બરોના રસ્તા' તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે.

આ પત્રિકામાં, ટ્રાફિકની સૌથી વધારે ગંભીર સમસ્યાઓ અને ભીડને લગતાં કારણોને આવરી લેતા નિયમો વિશે માહિતી પૂરી પાડી છે, તેમાં નીચેના નિયમોનો સમાવેશ થાય છે:

- રેડ રૂટ્સ અને બરોના રસ્તાઓ પર પાર્કિંગ કરવા અને થોભવા માટેનું ઉલ્લંઘન
- બસ લેનોમાં ડ્રાઈવ કરવા, થોભવા અને પાર્કિંગ કરવા માટેનું ઉલ્લંઘન
- ઉલ્લંઘનો ખસેડવાં - દા.ત. યેલો બોક્સ જંક્શનમાં થોભવું

આ નિયમોની અમલબજાવણી કરાવવા માટે ટીએફએલ અને લંડનની 33 બરોઝ મિશ્ર રીતે ટ્રાફિક વોર્ડનો, પાર્કિંગ એટેન્ડન્ટો, ટ્રાફિક પોલીસ કમ્યૂનિટી સપોર્ટ ઓફિસરોનો તેમજ અઠવાડિયાના સાતેય દિવસ અને દિવસના 24 કલાક ચાલતા કેમેરાના વિસ્તૃત નેટવર્કનો ઉપયોગ કરે છે. અમુક સંજોગોમાં તમારું વાહન ખસેડી લઈને જપ્ત કરી લેવામાં આવશે.

જો તમને ટ્રાફિકના નિયમનો વિશે વધારે માહિતી જોઈતી હોય, તો જુઓ **tfl.gov.uk/driving**

# રેડ રૂટ્સ પર પાર્ક કરવું અને થોભવું

રેડ રૂટના નેટવર્ક ઉપર (જે લંડનના મોટા રસ્તાઓ પરના 35% ટ્રાફિકનું વહન કરે છે) વાહનોને છૂટથી હરતાં ફરતાં રાખવાની જવાબદારી ટીએફએલની છે. રેડ રૂટ્સ પર વાહન પાર્ક કરવાના અને થોભાવવા માટેના પ્રતિબંધો અમલમાં છે, જેમને તેની પર દોરેલી થોભવાની મનાઈ ફરમાવતી લાલ રંગની લાઈનોથી અને ત્યાં ક્યારે પાર્કિંગ કરવાની, થોભવાની, માલસામાન ભરવા કે ઉતારવાની પરવાનગી આપવામાં આવેલી છે તે જણાવતી રસ્તા પર લગાવેલી નિશાનીઓથી ઓળખી શકાય છે.

**રેડ રૂટ્સ પર ગેરકાયદેસર પાર્કિંગ કરવાથી અને થોભવાથી વાહનોનો ભરાવો થાય છે અને વાહનવ્યવહારની પદ્ધતિ ખોરવાય છે - અને તેના લીધે £120નો દંડ કરવામાં આવશે. હંમેશાં રસ્તાની કિનારીઓ પર લગાવેલી નિશાનીઓ તપાસો.**

**બ્લૂ બેજ (વાદળી બિલ્લો) ધરાવનારાં** માટે રેડ રૂટ્સ પર ખાસ અલગ જગ્યાઓ ફાળવવામાં આવેલી છે, જ્યાં તેઓ તેના અમલના સમય દરમ્યાન ગમે તેટલા સમય માટે થોભી શકે છે. જ્યાં નિશાનીઓ દ્વારા પરવાનગી આપવામાં આવેલી હોય તેવાં સ્થાનોએ તેઓ વાહનમાં માલસામાન ભરવા માટેની જગ્યાઓમાં પણ ત્રણ કલાક સુધી થોભી શકે છે, અને લાલ રંગની લાઈનો પર વાહનો ઊભાં રાખીને મુસાફરોને બેસાડી કે ઉતારી પણ શકાય છે, પરંતુ તે માટે તે વાહનમાં બ્લૂ બેજ લગાવેલો હોવો જરૂરી છે.

લંડનની બહાર આવેલાં સૌથી વધારે વ્યસ્ત રેઈલવે સ્ટેશનોની બહારના વિસ્તારમાં 'પહોળી રેડ લાઈન'ની નિશાની કરવાની એક નવી યોજના તાજેતરમાં શરૂ કરવામાં આવી છે જેથી તે રસ્તા પર આવેલા બસ સ્ટોપ્સ સુધી સહેલાઈથી પહોંચી શકાય અને બસનાં મુસાફરો તેમજ પગપાળા રાહદારીઓ માટે તે વધારે સલામત બને. પહોળી લાલ લીટી પર બસો સિવાય - જરા પણ થોભી શકાતું નથી. ટેક્સિઓ અને બ્લૂ બેજ ધરાવનારાંને થોભવાની પરવાનગી **નથી**.

# આ નિશાનીઓ માટે જોતાં રહો

## રેડ રૂટ્સ

**અહીં બતાવેલી નિશાનીઓ ફક્ત ઉદાહરણો આપવા માટે છે. રેડ રૂટની મર્યાદાઓની બાજુમાં લગાવેલી સમય બતાવતી તક્તિઓ હંમેશાં તપાસો.**

### ડબલ રેડ લાઈનો (બે લાલ લીટીઓ) અને નિશાનીઓ

કોઈ પણ સમયે થોભવાની પરવાનગી નથી.







### સિંગલ રેડ લાઈનો (એક લાલ લીટી) અને નિશાનીઓ

સવારે ૭થી સાંજે ૭ વાગ્યા દરમ્યાન થોભવાની, માલસામાન ભરવા કે ઉતારવાની અથવા મુસાફરોને બેસાડવા કે ઉતારવા માટે થોભવાની પરવાનગી નથી.




### રેડ રૂટ ક્લીયરવે

રેડ રૂટ નેટવર્કનો એક ભાગ છે, જ્યાં ફક્ત નિશાની કરવામાં આવેલી મુખ્ય રસ્તાને અડીને આવેલી રસ્તાની અલગ પટ્ટીમાં જ થોભવાની પરવાનગી છે. આ રસ્તાઓ પર નિશાનીઓ લગાવવામાં આવેલી હોય છે, પરંતુ અમુક રાઉન્ડઅબાઉટો અને જંક્શનો ઉપર સિવાય રસ્તા પર બીજે ક્યાંય રેડ લાઈનો હોતી નથી.



## સ્ટોપિંગ બોક્સીસ (થોભવા માટેનાં ચોકઠાં)

રસ્તા પર આની લાલ અથવા સફેદ રંગમાં સ્પષ્ટ રીતે નિશાનીઓ કરવામાં આવેલી હોય છે.

## રેડ બોક્સીસ (લાલ ચોકઠાં)

ઓફ-પીક સમયે (સામાન્ય રીતે સવારે 10થી બપોરે 4 સુધીમાં) પાર્કિંગ કરવાની અથવા માલસામાન ભરવા કે ઉતારવા માટે થોભવાની પરવાનગી છે. અનેક જુદાં જુદાં પ્રકારનાં બોક્સ હોય છે. કેટલાકમાં માલસામાન ભરવા અને ઉતારવા માટેની પરવાનગી હોય છે, બીજામાં ટૂંકા સમય માટે પાર્કિંગ કરવાની પરવાનગી આપવામાં આવેલી હોય છે. બ્લૂ બેજ ધરાવનારાં માટે ખાસ શરતો પણ લાગુ પડે છે. **બોક્સની બાજુમાં લગાવવામાં આવેલી નિશાનીઓ ઉપર તેના સમયો અને શરતો સ્પષ્ટપણે લખેલાં હોય છે.**




## વ્હાઈટ બોક્સીસ (સફેદ ચોકઠાં)

દિવસના કોઈ પણ સમયે પાર્કિંગ કરવાની અથવા માલસામાન ભરવા માટેની પરવાનગી છે. **બોક્સની બાજુમાં લગાવવામાં આવેલી નિશાનીઓ ઉપર તેની શરતો સ્પષ્ટપણે લખેલી હોય છે.**




તમારી મુસાફરી માટેનું આયોજન કરતી વેળાએ લંડનમાં બધા જ રેડ રૂટ્સનો નક્શો આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે **tfl.gov.uk/driving**

# બરોના રસ્તા પર પાર્કિંગ કરવું અને થોભવું

લંડનની 33 બરોઝ, સિંગલ અને ડબલ યેલો લાઈનો પર પાર્કિંગ કરવા સહિતના પાર્કિંગના અને વાહન થોભાવવા માટેના અનેક જુદા જુદા ગુનાસર અમલબજાવણી કરાવવા માટે જવાબદાર છે. બરોના રસ્તાઓ પર પાર્કિંગ અને થોભવાને લગતા નિયમોના ઉલ્લંઘન માટે દ્વિ-સ્તરીય દંડની પદ્ધતિ શરૂ કરવામાં આવી છે જેથી કેવા પ્રકારનો ગુનો કરવામાં આવ્યો છે તેના આધારે દંડ કરી શકાય.

## પ્રતિબંધિત ઉલ્લંઘનો

પ્રતિબંધિત ઉલ્લંઘનો (પ્રોહિબિટેડ કોન્ટ્રાવેન્શન્સ) પાર્કિંગ અને થોભવા માટેના નિયમોના ગંભીર ઉલ્લંઘન ગણવામાં આવે છે જેની રસ્તો વાપરનારાં બીજાં લોકો પર ઘણી મોટી અસરો પડે છે. સ્થાનિક બરોના રસ્તાઓ પર પાર્કિંગ અને વાહન થોભાવવાને લગતા ગંભીર ગુના માટે હવે £120 સુધીનો દંડ કરવામાં આવી શકે છે. આ ઉલ્લંઘનો, જેની રસ્તો વાપરનારાં બીજાં લોકો પર ઘણી ગંભીર અસરો પડતી હોવાનું માનવામાં આવે છે, તેમાં નીચેનાનો **સમાવેશ** થાય છે:

- નિયંત્રિત કલાકો દરમ્યાન સિંગલ યેલો લાઈન (એક પીળી લીટી) પર પાર્કિંગ
- કોઈ પણ સમયે ડબલ યેલો લાઈન (બે પીળી લીટીઓ) પર પાર્કિંગ
- કર્બથી 50 સેમી કરતાં વધારે દૂર રાખીને વાહન પાર્કિંગ બે ની અંદર ન રહે તેવી રીતે પાર્ક કરવું એટલે કે ડબલ પાર્કિંગ
- બ્લૂ બેજ માટેના પાર્કિંગના સ્થાનમાં બ્લૂ બેજ ધારક ન હોય તેવું વાહન પાર્ક કરવું

સિંગલ યેલો લાઈન્સ એવા વિસ્તારનું સૂચન કરે છે જ્યાં પાર્કિંગનાં નિયંત્રણો લાગુ પડે છે. ક્યારે પાર્કિંગ કરવાની પરવાનગી નથી તે દિવસો અને સમયો રસ્તાની બાજુએ મૂકેલા બોર્ડ પર અથવા મર્યાદિત પાર્કિંગનો વિસ્તાર શરૂ થતો હોય ત્યાં લખેલા હોય છે.

ડબલ યેલો લાઈન એટલે કે પાર્કિંગ અથવા રાહ જોવા માટે વાહન થોભાવવા પર દિવસના 24 કલાક, અઠવાડિયાના 7, એટલે કે ‘કોઈ પણ સમયે’ પ્રતિબંધ છે, સિવાય કે ત્યાં મૂકેલી નિશાની પર અમુક ચોક્કસપણે જણાવેલા સમય પૂરતી મર્યાદાઓ સૂચવવામાં આવેલી હોય.

તમે મુસાફરોને બેસાડવા કે ઉતારવા માટે સિંગલ કે ડબલ યેલો લાઈન પર કદાચ થોભી શકો. તમે સામાન ઉતારવા કે ચડાવવા માટે પણ કદાચ વાહન થોભાવી શકો, સિવાય કે ત્યાં કર્બ ઉપર પીળી નિશાની કરેલી હોય અને તમને તેની પરવાનગી નથી એવું જણાવતી નિશાની મૂકેલી હોય. **હંમેશાં રસ્તાની કિનારી પર મૂકેલી નિશાની તપાસી લો.**

**બરોના રસ્તા પર કોઈ ગંભીર ગુનો કરવાથી £120 સુધીનો દંડ કરવામાં આવશે.**



## પૂરક ઉલ્લંઘનો

પૂરક ઉલ્લંઘનો (સેકન્ડરી કોન્ટ્રાવેન્શન્સ) પાર્કિંગના નિયમોનો ભંગ છે જેની રસ્તો વાપરનારાં બીજાં લોકો પર ઓછી ગંભીર અસરો પડે છે. બરોના રસ્તાઓ પર પાર્કિંગ અને વાહન થોભાવવાને લગતા ઓછા ગંભીર ગુના માટે હવેથી £80 સુધીનો દંડ કરવામાં આવી શકે છે. આ ઉલ્લંઘનોમાં નીચેનાનો **સમાવેશ** થાય છે:

- **મીટર અથવા પૈસા ચૂકવીને ટિકિટ લગાવીને પાર્ક કરવાની જગ્યામાં તે માટેના પૈસા ચૂકવ્યા વગર પાર્ક કરવું**
- **પાછા ન ફરી શકાય તેટલા સમયની અંદર તે જ પાર્કિંગની જગ્યામાં પાછા ફરવું**
- **પાર્ક કરવા માટેની નિશાની કરાયેલી જગ્યાની અંદર યોગ્ય રીતે પાર્ક ન કરવું**

**બરોના રસ્તા પર ઓછા ગંભીર ગુના માટે £80 સુધીનો દંડ કરવામાં આવશે.**

પ્રતિબંધિત અને પૂરક ઉલ્લંઘનો વિશે વધારે માહિતી માટે અને તેમને કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવે છે તે માટે, કૃપા કરીને જુઓ **tfl.gov.uk/driving**



# બસ લેનમાં ડ્રાઈવ કરવું, થોભવું અથવા પાર્કિંગ કરવું

બસોને ચાલતી રાખવી એ જાહેર વાહન વ્યવસ્થાનો તેમજ ટ્રાફિકની ભીડ ઓછી કરવા માટેનો એક આવશ્યક ભાગ છે. લંડનની બધી જ બસ લેનોને રસ્તા પર તે જણાવતી લાઈનો દોરીને અને નિશાનીઓ મૂકીને સ્પષ્ટપણે જણાવવામાં આવેલી છે. બસ લેનના અમલના કલાકો - એટલે કે તેમાં બીજાં વાહનોને હંકારવાની ક્યારે મનાઈ છે - તે રસ્તાની કિનારી પર મૂકેલી નિશાનીઓમાં લખવામાં આવેલું હોય છે. અમલના આ કલાકો જુદા જુદા હોઈ શકે, અને જો નિશાની ઉપર કોઈ સમય મર્યાદા ન લખેલી હોય, તો તે બસ લેન દરેક સમયે અમલમાં હોવાનું ગણાય છે.




**તમે અમુક સમયે કેટલીક બસ લેનોમાં થઈને ડ્રાઈવ કરી શકો છો - પરંતુ તેની સમય મર્યાદાઓ માટે તમે નિશાનીઓ તપાસો છો તેની હંમેશાં ચોક્સાઈ રાખો.**

**£120 ના દંડથી બચો. ખોટા સમયે બસ લેનમાં ડ્રાઈવ ન કરો, થોભો નહિ કે પાર્ક ન કરો.**




## ટ્રાફિકનું સરળતા અને સલામતીથી વહન ચાલુ રાખવું

રસ્તાના નિયમોની અમલબજાવણીથી લંડનના ટ્રાફિકનું સરળતાપૂર્વક વહન થવામાં મદદ થાય છે. 'હાઈવે કોડ'નો ભાગ હોય તેવી રસ્તા પરની નિશાનીઓની અવગણના કરવાથી સલામતીનાં ગંભીર પરિણામો પણ આવી શકે છે. કેટલીક સામાન્ય નિશાનીઓ અહીં બતાવેલી છેઃ

### યેલો બોક્સ જંક્શન (ચોકડીઓવાળું પીળું ચોકઠું)

યેલો બોક્સ જંક્શનમાં વાહન થોભાવવાથી વાહનોની ભીડ થઈ જાય છે અને મોડું થાય છે. તમારો આગળ વધવાનો રસ્તો અથવા લેન જ્યાં સુધી સાફ ન હોય ત્યાં સુધી તમારે યેલો બોક્સ જંક્શનમાં ન જ પ્રવેશવું જોઈએ. પરંતુ જો તમે જમણી બાજુ વળવા માગતાં હો અને સામેથી આવતાં વાહનોને કારણે અથવા જમણી બાજુ વળવા માગતાં બીજાં વાહનોને કારણે આગળ વધવાની રાહ જોઈને થોભ્યાં હો, તો તમે યેલો બોક્સમાં પ્રવેશી શકો.



## પ્રતિબંધિત વળાંકો



વાહનોને જમણી
બાજુ વળવાની મનાઈ.



વાહનોને ઊંધો વળાંક
લઈને પાછા વળવાની મનાઈ.

## દિશા સૂચવતી નિશાનીઓ



એક માર્ગી ટ્રાફિક.



વાહનોએ તીર દ્વારા સૂચવવામાં
આવેલી દિશામાં જ આગળ વળવું.

## વાહનો પર પ્રતિબંધ



મોટર વાહનો પર પ્રતિબંધ.

**અહીં બતાવવામાં આવેલાં બીજાં બધાં જ ઉલ્લંઘનો માટે £120નો દંડ કરવામાં આવશે.**

રસ્તા પરની નિશાનીઓની આખી યાદી માટે, કૃપા કરીને જુઓ **tfl.gov.uk/driving**

## ટ્રાફિક લાઈટો પર સાઈકલ સવારો

ટ્રાફિક લાઈટ જંક્શનો પર લીલી લાઈટ થવાની રાહ જોઈને ઊભેલાં મોટર વાહનોની કતારની આગળ આવીને સાઈકલ સવારો ઊભા રહી શકે તે માટે ત્યાં આગળના ભાગમાં થોભવા માટેનાં બોક્સીસ (ચોકઠાં) દોરવામાં આવ્યાં છે.



મોટરસવારોએ આ ભાગમાં ન જ પ્રવેશવું જોઈએ, સિવાય કે ટ્રાફિક લાઈટ બદલાઈને લીલી થઈ ગઈ હોય અને આગળ વધવાનું સલામત હોય.

# લંડનનાં વાહનોને ફરતાં રાખવાં

નિયમોની અમલબજાવણી કરાવવાથી લંડનના રસ્તા વાપરનારાં બધાં જ લોકોને ફાયદો થાય છે તેની ખાતરી કરી શકાશે. વિચાર્યા વગર કરવામાં આવતાં પાર્કિંગો અને જ્યાં ત્યાં થોભ્યા વગર મુસાફરીઓ સરળ અને ઝડપી બનશે, અને બસ રૂટ્સ તેમજ તેની સેવાઓ વધારે કાર્યક્ષમ તેમજ ભરોસાપાત્ર બનશે.

માલસામાન પહોંચાડતાં લોકોને પણ ફાયદો થશે કારણ કે તેમને તેમના ધંધા સુધી જવા આવવાનું વધારે સહેલું લાગશે. દુકાનો માટે ખાસ માલસામાન ભરવા અને ઉતારવા માટે ફાળવવામાં આવેલાં સ્થાનોમાં વધારો કરવાથી માલસામાન પહોંચાડવાનું વધારે કાર્યક્ષમતાથી કરી શકાશે અને લંડનના અર્થતંત્રને એકંદરે વધારે ફાયદા પૂરા પાડશે.

**છેવટે, ટ્રાફિકના નિયમોની અમલબજાવણીમાંથી એકત્ર થયેલા તમામ પેનલ્ટી ચાર્જીસની રકમ લંડનના રસ્તામાં અને ટ્રાફિક નિયંત્રણમાં સુધારા કરવા માટે વાપરવામાં આવશે.**

**તમને દંડ ન થાય તે માટે, કૃપા કરીને ખાતરી કરો કે આ પત્રિકામાં જણાવેલા બધા જ નિયમો તમે સમજ્યાં છો.**



## બીજી ભાષાઓમાં પત્રિકાઓ

આ પત્રિકા ઓડિયો સીડી પર, મોટા અક્ષરોમાં છાપેલી અને આ ભાષાઓમાં મળી શકે છેઃ અરેબિક, અંગ્રેજી, બંગાળી, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, ગ્રીક, હિન્દી, પોલીશ, પંજાબી, સ્પેનિશ, ટર્કિશ, ઉર્દૂ અને વિએટનામીઝ.

નકલો મેળવવા માટે જુઓ **tfl.gov.uk** અથવા **020 7222 1234** પર ફોન કરો (ટેક્સ્ટફોન **020 7918 3015**).

મુદ્રણમાં જતી વખતે માહિતી સાચી છે.
જુલાઈ 2007

વધારે માહિતી માટે 'હાઈવે કોડ' વાંચો.

A41026 07/07